ગાંધીનગર સમાચાર

ઉત્તર ગુજરાત

# સાબરકાંઠા - અરવલ્લી



## અરવલ્લીમાં ૧૦૧૩ ગામોમાંથી પીવાના પાણીનાં સેમ્પલ લેવાયાં

# ૧૮૧૦ પૈકી ૭૭૬ સેમ્પલનું પાણી પીવાલાયક ન હોવાનું તારણ

### પાણી પુરવઠા યોજનાથી જોડાયેલા ગામોમાં પાણી શુદ્ધ..!!

બાયડ, (બ્યુરો ઓફિસ) તા.૨૪

અરવલ્લી જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારના પ્રજાજનોને નળ વાટે પીવાનું શુદ્ધ પાણી મળી રહે તેવા પ્રયાસો વચ્ચે પાણીના લેબોરેટરી પરીક્ષણમાં હજુ પણ પ્રજા પાણીના રૂપમાં ધીમું ઝેર પેટમાં પધરાવતી હોવાની વિગતો સામે આવી છે. છેલ્લા ૨ મહિનાથી પાણીનાં સેમ્પલ લેવાની કામગીરી થઈ રહી છે જેમાં અત્યાર સુધીમાં ૧૦૧૩ ગામોમાંથી લેવાયેલા ૧૮૧૦ સેમ્પલ પૈકી ૭૭૬ સેમ્પલનું પાણી લેબોરેટરી પરીક્ષણમાં પીવા લાયક ન હોવાનું તારણ છે. જિલ્લામાં પાણી પુરવઠા યોજનાથી જોડાયેલા ગામોમાં પીવાનું પાણી શુદ્ધ સ્વરૂપે મળતું હોવાના દાવા થયા છે. પાણી પુરવઠા વિભાગ તેમજ વાસ્મોની સંયુક્ત ટીમ દ્વારા ગામડાઓમાં બોર, હેન્ડ પંપના પાણીનાં સેમ્પલ મેળવી પરીક્ષણ શરૂ કરવામાં આવ્યું છે જેથી હજુ વધુ ગામોમાં પીવાના પાણીમાં ભરેલી અશુદ્ધિઓનો વધુ ખુલાસો થઈ શકે છે.

જિલ્લામાં ભૂતકાળના વર્ષોમાં અપૂરતા વરસાદ પછી ભૂગર્ભ જળની સપાટી ઉંડે જતાં પીવાના પાણીમાં આરોગ્ય માટે જોખમી એવા ફ્લોરાઈડ અને ટી.ડી.એસ.નું પ્રમાણ અનેક ગણું વધી ગયું હતું પરંતુ પાણી પુરવઠા વિભાગ દ્વારા પ્રજાને પીવાનું શુદ્ધ પાણી પુરૂ પાડવાના આશયે એસ.કે.-૨-૩ સહિતની પાણી પુરવઠાની યોજનાઓ કાર્યરત કરી ગામે ગામ સંપ તૈયાર કરવામાં આવ્યા છે જેના કારણે મોટાભાગના ગામોમાં પીવાનું પાણી શુદ્ધ સ્વરૂપે ઉપલબ્ધ થયું છે પરંતુ હજુ પણ અસંખ્ય ગામડાઓની પ્રજા બોર તેમજ હેન્ડપંપ મારફતે ઉપલબ્ધ થતા પાણી સાથે પેટમાં અશુદ્ધિઓ પધરાવે છે. જિલ્લા પાણી પુરવઠા વિભાગ અને વાસ્મોના શુદ્ધ પાણી આપવાના સતત પ્રયાસો છતાં અસંખ્ય ગામોનું પાણી આજે પણ પીવા લાયક ન હોવાનો ઘટસ્ફોટ થયો છે. વિભાગ દ્વારા તાજેતરમાં જિલ્લાના ૧૦૧૩ અને તેના પેટાપરાઓમાં જઈ પીવાના પાણીનાં ૧૮૧૦ સેમ્પલ લઈ લેબોરેટરી પરીક્ષણ કરવામાં ૧૦૩૪ સેમ્પલ પીવાની સ્થિતિમાં ખરાં ઉપર્યાં છે જ્યારે ૭૭૬ સેમ્પલના પાણીમાં ટી.ડી.એસ., નાઈટ્રેટ અને ફ્લોરાઈડની માત્ર જણાઈ આવતાં પીવા લાયક ન હોવાનું બહાર આવ્યું છે. હજુ પણ ગ્રામ્ય વિસ્તારોમાંથી બોર અને હેન્ડપંપના પાણીનાં સેમ્પલ મેળવાઈ રહ્યાં છે જેથી પાણીના રૂપમાં પેટમાં જતા ધીમા ઝેરની હકીકત આગામી સમયમાં જાણવા મળે તેમ છે.

**અગાઉના વર્ષો કરતાં પાણીની સ્થિતિ સુધારા ઉપર : લેબોરેટરી સૂત્રો**

અરવલ્લી જિલ્લામાં પીવાના પાણીના સેમ્પલ મેળવી લેબોરેટરી પરીક્ષણ શરૂ કરવામાં આવ્યું છે. પાણી પુરવઠા વિભાગ તેમજ વાસ્મોના સંયુક્ત પ્રયાસોથી પાણીનાં સેમ્પલ લેવામાં આવી રહ્યાં છે ત્યારે લેબોરેટરી પરીક્ષણ સાથે સંકળાયેલા જીતેન્દ્રસિંહ રહેવરના જણાવ્યા મુજબ અગાઉના વર્ષો કરતાં પાણીની સ્થિતિ સુધારા ઉપર હોવાનું જણાવ્યું હતું. જે કોઈ સેમ્પલ લેવામાં આવી રહ્યાં છે તેમાં ટી.ડી.એસ. નાઈટ્રેટ અને ફ્લોરોઈડનું પ્રમાણ ઘણું ઓછું જોવા મળ્યું છે.

## કોરોના તું હવે વિદાય લે, ભારે કરી...

# ઉત્તર ગુજરાતમાં કોરોનાના કારણે એક લાખથી વધુ લોકોએ નોકરી ગુમાવી

### આવક ઉપર ફટકો પડતાં અનેક હંગામી કર્મચારીઓને મુક્ત કરાયા

બાયડ, (બ્યુરો ઓફિસ) તા.૨૪

કોરોનાએ સરકારથી માંડી વેપારી અને ઉદ્યોગકારોને આર્થિક રીતે પાયમાલ કર્યા છે પરંતુ લાખો લોકોએ કોરોનાના કારણે નોકરી ગુમાવ્યાની વિગતો સામે આવી છે. સરકારની આત્મનિર્ભર યોજનામાં પણ જરૂરીયાતમંદોને યોગ્ય સહયોગ મળ્યો નથી..ના આરોપ શરૂ થયા છે ત્યારે ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં છેલ્લા ૧૧ મહિનામાં અંદાજીત ૧ લાખથી વધુ લોકોએ રોજગારી ગુમાવી છે અને અન્ય સ્થળે રોજગારી માટે આંટાફેરા મારી રહ્યા છે.

કોરોનાના કારણે સર્વત્ર દહેશતનો માહોલ ફેલાયો છે. રસીકરણ ઉપર સૌની નજર છે ત્યારે કોરોનાના ફ્રન્ટ વોરિયર્સને રસીકરણમાં અગ્રતા આપવાના સરકારના નિર્ણય પછી રસીકરણનો બીજો ડોઝ શરૂ થયો છે. કોરોનાના કારણે ધંધા-રોજગાર લગભગ પડી ભાંગ્યા હતા જે હવે ધીમે ધીમે પાટે ચઢી રહ્યા છે છતાં ધાર્યું ઉત્પાદન થતું નથી. સરકાર દ્વારા દેવાના વ્યાજમાં મુક્તિની ભલામણ છતાં અનેક બેન્કોએ પોત પ્રકાશતાં અનેક ઔદ્યોગિક એકમો ગંજાવર દેવાના બોજ તળે દબાઈ રહ્યા છે. ત્યારે સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લામાં ૭૦૦૦થી વધુ નાના-મોટા રોજગાર બંધ થઈ ગયા છે અનેક નાના વેપારીઓએ ભાડાની રકમ જેટલી પણ આવક ન થતાં ધંધા સમેટ્યા છે. પરંતુ જેમને નાના-મોટા ઔદ્યોગિક ગૃહો, બાંધકામ સાઈટ ઉપર નોકરી મળી હતી તેમને પણ કોરોનાના કારણે નોકરી ગુમાવવાનો વારો આવ્યો છે. ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં લાખો લોકો ફરી બેરોજગાર બની ગયા છે.

# લ્યો બોલો : મોડાસાના પંપ ઉપર પેટ્રોલ ભરાવી પૈસા આપ્યા વગર બાઈક ચાલક રફુચક્કર

### પેટ્રોલના ભાવ વધારામાં ચોંકાવનારો કિસ્સો, સી.સી.ટીવી ફૂટેજના આધારે શોધ

બાયડ, તા.૨૪

પેટ્રોલના ભાવ વધારાથી કમઠાણ સર્જાયું છે તેવા સમયે મોડાસાના સબલપુર વિસ્તારના એક પેટ્રોલ પંપ ઉપર બાઈકની ટાંકીમાં પેટ્રોલ ભરાવ્યા પછી ચાલક પૈસા આપ્યા વગર રફુચક્કર થઈ જતાં પંપના કર્મચારીઓ તેમજ અન્ય વાહન ચાલકો ચોંકી ઉઠ્યા હતા. પૈસા માટે કર્મચારીએ પાછળ દોડી બુમો પાડવા છતાં ચાલક પૂરઝડપે બાઈક હંકારી નો દો ગ્યારાહ..થઈ જતાં સી.સી.ટીવી ફૂટેજના આધારે ઓળખ મેળવવાનો પ્રયાસ થયો છે. જો કે પેટ્રોલના સતત વધતા ભાવથી વાહન ચાલકો મુશ્કેલીમાં મૂકાયા છે ત્યાં મફતનું પેટ્રોલ ભરાવી ફરાર થઈ જવાના બનાવે આશ્ચર્ય જગાવ્યું છે.



વાહન ચાલકોને પેટ્રોલથી ચાલતાં પોતાનાં વાહનો હવે ઘર આગળ પાર્ક કરી રાખી એસ.ટી. બસમાં મુસાફરી કરવી પડે તેવા દિવસો શરૂ થયા છે. ઈંધણના ભાવ ભડકે બળવા લાગતાં વાહન ચાલકો સમસમી ગયા છે અને કેટલાકે તો ઉપયોગ વગર વાહનને સ્ટાર્ટ કરવાનું પણ મોંડવાડ રાખ્યું છે. પેટ્રોલના ભાવ વધારાથી ત્રાસી ઠેર ઠેર વિરોધ પ્રદર્શનો યોજાઈ રહ્યાં છે ત્યાં મોડાસાના સબલપુર પાસેના પેટ્રોલ પંપ ઉપર તા.૨૩ના રોજ સાંજના સમયે ઈંધણ પુરાવવા માટે વાહન ચાલકોની કતાર હતી જે સમયે બાઈક લઈને પેટ્રોલ પુરાવવા માટે આવેલા યુવાને કર્મચારીને બાઈકની ટાંકીમાં પેટ્રોલ ફુલ કરવા માટે જણાવ્યું હતું જેથી કર્મચારીએ પેટ્રોલ ભરી આપ્યા પછી અન્ય વાહન ચાલકો કતારમાં હોવાથી તેમના ઉપર ધ્યાન કેન્દ્રીત કર્યું હતું જે સમયે બાઈકને પગેથી ધક્કો મારી યુવાન આગળ ખસ્કો હતો. જેમાં પૈસાની માંગણી કરવામાં આવતાં દેખાડા ખાતર પેન્ટના ખિસ્સામાં હાથ નાખવાનો ડોળ કરી પેટ્રોલ ભરાવનાર યુવક પૈસા આપ્યા વગર જ બાઈકની કીક મારી પંપ ઉપરથી ફરાર થઈ ગયો હતો. પૈસા માટે કર્મચારીએ પાછળ દોટ લગાવી હોવા છતાં બાઈક ચાલક પંપ ઉપરથી બાઈકને મોડાસા તરફ દોડાવી મૂકી હતી. અચાનક પેટ્રોલ પંપના કર્મચારીનો પૈસા માટે દોડવું અને બાઈક ચાલકનું ભાગવું તે દ્રશ્યો જોઈ અન્ય વાહન ચાલકો પણ હેબતાઈ ગયા હતા પરંતુ જાણવા મળ્યું કે પેટ્રોલ ભરાવ્યા પછી ચાલક પૈસા આપ્યા વગર જ ભાગી છૂટ્યો છે. ઘટના બાદ સી.સી.ટીવી ફૂટેજના આધારે પેટ્રોલ પંપના કર્મચારીઓને ચૂનો લગાવનાર ચાલકની શોધ શરૂ કરવામાં આવી છે.

# લ્યો બોલો... હવે ચોરો કરિયાણાની પણ ચોરી કરવા લાગ્યા

### મોડાસાના સાકરીયા ગામે કરિયાણાની દુકાનમાં તસ્કરો ત્રાટકી ૩૫ હજારનું કરિયાણું ચોર્યું

સ્થાનીક સ્વરાજયની ચૂંટણીઓમાં પોલીસતંત્ર વ્યસ્ત રહેતા અરવલ્લી જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ઘરફોડ ગેંગ અને તસ્કરો સક્રીય થતા ગ્રામ્ય વિસ્તારોમાં ભારે ફફડાટ ફેલાયો છે મોડાસાના સાકરીયા ગામે ચોરીનો અનોખો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.જ્યાં ચોર કરિયાણાની દુકાનમાં ઘૂસી મરચું, તેલ, ઘી, ચા સહિત ૩૫ હજારથી વધુના કરિયાણાની ચોરી કરી ગયો છે. જે પ્રમાણે ચોરી થઈ છે તે જોતા ચોર ચોરી કરવા રિક્ષા કે અન્ય વાહન લઈ આવ્યો હોવાની શંકા છે.દુકાન માલિકે મોડાસા રૂરલ પોલીસને જાણ કરતા ઘટનાસ્થળે પહોંચી રાબેતા મુજબ પ્રાથમિક તપાસ હાથધરી તસ્કર ટોળકીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા જીલ્લામાં નાઈટ પેટ્રોલીંગ સઘન બનાવવામાં આવેની માંગ પ્રબળ બની છે.



સાકરીયા ગામના રમેશભાઈ નાનાભાઈ ખાંટ સાકરીયા બસ સ્ટેન્ડ પર કેબીનમાં કરીયાણાની દુકાન ચલાવી જીવનનિર્વાહ કરી રહ્યા છે મંગળવારે રાત્રે દુકાન બંધ કરીને ગયા હતા ત્યારે કેબીનના પાછળના ભાગે બાકોરું પાડી તસ્કરો દુકાનમાં ત્રાટકયા હતા અને દુકાનમાં રહેલ કરિયાણાનો માલસામાન અને ગલ્લો તોડી ૪ હાજર પરચુરણ ચોરી કરી રફુચક્કર થઈ ગયા હતા રમેશભાઈ બુધવારે સવારે દુકાને પહોંચતા દુકાનમાં માલસામાન અસ્તવ્યસ્ત પડ્યો હોવાની સાથે ગલ્લો તૂટેલો જણાતા ચોરી થઈ હોવાનું જણાઈ આવ્યું હતું દુકાનનું તાળું સલામત હોવાથી કેબીનની પાછળના ભાગે જોતા બાકોરું પાડી તસ્કરો ત્રાટક્યા હોવાનું અને ચોરીની ઘટનાને અંજામ આપવામાં આવ્યો હોવાની જાણ થઈ હતી સતત વાહનો અને રાહદારીઓથી ધમધમતા બસ સ્ટેન્ડ પરજ આવેલ કરિયાણાની દુકાનમાં તસ્કરો ત્રાટકી કરિયાણું ચોરી જતા લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા દુકાનમાલિક રમેશભાઈ ખાંટે મોડાસા રૂરલ પોલીસને જાણ કરતા રૂરલ પોલીસ ઘટનાસ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

# સાબરકાંઠામાં ઓનલાઈન ગઠીયાઓની માયાજાળ

### સાયબર ક્રાઈમનો ગ્રાફ ઉંચકાયો, ઓનલાઈન ઠગાઈના ૫ બનાવમાં ૨૭ લાખથી વધુની રકમ ગઠીયાઓએ ઉસેડી

બાયડ, (બ્યુરો ઓફિસ) તા.૨૪

સાબરકાંઠા જિલ્લાના પ્રજાજનોએ ઓનલાઈન ઠગોથી સાવધાન થવાની જરૂર છે. બેન્કમાંથી મેનેજર બોલું છું તેમ કહી એ.ટી.એમ.નો ઓ.ટી.પી. નંબર જાણ્યા બાદ તલોદ, ઈડર અને વિજયનગર પોલીસ સ્ટેશનની હદમાં બેન્ક ખાતાના ગ્રાહકોમાંથી બારોબાર રૂા.૨૭ લાખથી પણ વધુની રકમ ઉસેડી લેવાતાં સાયબર ક્રાઈમ ઉંધા માથે થઈ છે. જિલ્લામાં ગઠીયાઓની માયાજાળ સતત વિસ્તરતી જાય છે અને આ અંગેના બનાવ સતત વધતા હોવા છતાં પ્રજામાં જાગૃતિ આવી ન હોવાથી ગઠીયાઓ બેન્ક ગ્રાહકોના ખાતામાંથી મહેનત-મજૂરીની રોકડ પળવારમાં ઉસેડી રહ્યા છે.

ઓનલાઈન છેતરપીંડીના બનાવો રોજ સામે આવી રહ્યા છે. ઓનલાઈન ગઠીયા ગેંગ બેન્ક ગ્રાહકોને યેનકેન પ્રકારે વાતોમાં ભોળવી બેન્ક ખાતામાંથી બારોબાર રકમ ઉપાડી લેવામાં સફળ થઈ રહ્યા છે. પોલીસ દ્વારા વારંવાર આ મુદ્દે જાગૃતિ લાવવાનો પ્રયાસ કરવામાં આવતો હોવા છતાં કોઈ જાગૃતિ ગ્રાહકોમાં દેખાતી નથી જેથી ઓનલાઈન ગઠીયા ટોળકીને મોકળુ મેદાન મળી ગયું છે. સાબરકાંઠા જિલ્લામાં હમણાંથી સાયબર ક્રાઈમમાં એકાએક વધારો થયો છે. જેમાં બેન્કમાંથી મેનેજર બોલુ છું, તમારૂ એ.ટી.એમ. કાર્ડ બંધ થઈ જશે તેવા સવાલોમાં ગ્રાહકોને ઉલજાવી ચાલાકીપૂર્વક એ.ટી.એમ. ઓ.ટી.પી. નંબર મેળવી ઠગ ટોળકી બેન્કના ખાતામાંથી બારોબાર રોકડ ઉસેડી રહી છે. જિલ્લામાં તલોદ, ઈડર અને વિજયનગર સહિતના વિસ્તારોમાં આ પ્રકારે બેન્ક ગ્રાહકો ઉપર ફોન આવ્યા પછી બેન્ક ખાતામાંથી ઓનલાઈન રૂા.૨૭ લાખથી પણ વધુની રોકડ રકમ ઉપડી ગયાની વિગતો પોલીસ દફતરે દર્જ થતાં સાયબર ક્રાઈમ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે.

# અરવલ્લી : હીટ એન્ડ રનની ઘટનામાં મહિલા લકઝરી નીચે કચડાઈ

### માલપુરમાં કારનું ટાયર ફાટતા રોડ નજીક કાર, રીક્ષા અને નાસ્તાની લારીને ટક્કર મારી

મોડાસા,તા. ૨૪

અરવલ્લી જીલ્લાના માર્ગો અકસ્માતની ઘટનાના પગલે સતત રક્તરંજીત બની રહ્યા છે મોડાસા-શામળાજી રોડ પર જીવણપુર બસ સ્ટેન્ડ નજીક વધુ એક હીટ એન્ડ રનની ઘટના સર્જાઈ હતી પુત્રની રાહ જોઈ રહેલી માતાને લકઝરી બસે ટક્કર મારતા રોડ પર પટકાયેલ મહિલાના માથાના ભાગે તોતીંગ ટાયર ફરી વળતા ઘટનાસ્થળે કામકમાટી ભર્યું મોત નીપજ્યું હતું અન્ય એક અકસ્માતમાં માલપુર બસ સ્ટેન્ડ નજીકથી પસાર થતી કારનું ટાયર ફાટતા કાર ચાલકે સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવતા રોડ નજીક રહેલી નાસ્તાની લારી,રીક્ષા અને કારને ધડાકાભેર ટક્કર મારતા ભારે અફડાતફડી મચી હતી સદનસીબે અકસ્માતમાં કોઈ જાનહાની ન થતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.



મંગળવારે રાત્રે મોડાસા-શામળાજી રોડ પર આવેલ જીવણપુર બસ સ્ટેન્ડ પર પુત્રની રાહ જોઈ ઉભા રહેલા દાવલી ગામના સવિતાબેન નામની મહિલાને લકઝરી બસના ચાલકે અડફેટે લેતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો મહિલા લકઝરી બસની ટક્કરે રોડ પર પટકાતા બસના ટાયર મહિલાના માથા પર ફરી વળતા મહિલાનું ઘટનાસ્થળે પ્રાણપંખેરું ઉડી ગયું હતું અકસ્માત સર્જી લકઝરી બસનો ચાલક લકઝરી સાથે ફરાર થઈ ગયો હતું અકસ્માતની ઘટનાના પગલે લોકો દોડી આવ્યા હતા પુત્ર પણ આવી પહોંચતા ભારે આક્રંદ કરી મૂક્યું હતું અકસ્માતની ઘટનાના પગલે મોડાસા રૂરલ પોલીસ તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી મૃતક મહિલાની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી અકસ્માતની ઘટનાને અંજામ આપી ફરાર લકઝરી બસના ચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

માલપુર બસ સ્ટેન્ડ નજીક હરિયાણા થી સુરત પરત ફરી રહેલ યુવકની સ્વીફ્ટ કારનું ટાયર ધડાકાભેર ફાટતા કાર ચાલકે સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવતા રોડ પરથી નીચે ઉતરી સાઈડમાં ઉભી રહેલી રીક્ષા અને કારને અડફેટે લઈ રોડ નજીક ઉભેલી નાસ્તાની લારી સાથે ધડામ કરતી ભટકતા લોકોમાં નાસભાગ મચી હતી સદ્નસીબે નાસ્તાની લારી પર કોઈ ગ્રાહક ન હોવાથી મોટી જાનહાની ટળી હતી અકસ્માતમાં કારના આગળના ભાગનો કડૂચલો વળી ગયો હતો સદનસીબે કાર ચાલક યુવકનો પણ આબાદ બચાવ થયો હતો બેકાબુ બનેલ કારે બે વાહનો અને નાસ્તાની લારીને અડફેટે લેતા લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા અકસ્માતમાં કોઈ અઘટીત ઘટના ન બનતા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો માલપુર પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી હતી.

# જિલ્લામાં ગુગળ, રાયણ, ધાવ, મહુડાના વૃક્ષો ઘટવા લાગ્યાં

### ચોમાસામાં વૃક્ષ ઉછેરના તાયફા છતાં ગાયબ થતાં ઉપયોગી વૃક્ષો

બાયડ, (બ્યુરો ઓફિસ) તા.૨૪

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં વન વિભાગની ઘોર બેદરકારીથી ઔષધિય ગુણધર્મો ધરાવતા વૃક્ષો ગાયબ થઈ રહ્યાં છે. અગાઉ ગ્રામ્ય વિસ્તારોમાં ઠેકઠેકાણે ગુગળ, રાયણ, મહુડાના વૃક્ષો જોવા મળતાં હતાં પરંતુ યોગ્ય દરકાર ન લેવાતાં ઉપયોગી વૃક્ષો નામશેષ થવાની તૈયારીમાં છે. જ્યારે જંગલ વિસ્તારમાંથી ધાવનાં વૃક્ષો ઝડપથી ઘટી રહ્યાં છે. વન વિભાગ નર્સરીઓમાં વૃક્ષોના રોપા તૈયાર કરી ચોમાસા દરમ્યાન વૃક્ષારોપણના કાર્યક્રમો યોજે છે છતાં વૃક્ષોની જાળવણી થઈ શકી નથી તે પણ એક કમનસીબી છે.



વૃક્ષો વાવો વરસાદ લાવો..ના નારા સાથે દર વર્ષે ચોમાસાની સીઝનમાં લાખોની સંખ્યામાં વૃક્ષોના રોપાનું વાવેતર થતું હોય છે છતાં જિલ્લામાં વૃક્ષોની સંખ્યા ઘટતી જાય છે. વન વિભાગની બેદરકારીના કારણે ગ્રામ્ય વિસ્તારોમાંથી લીલાં વૃક્ષોની સરેઆમ કત્લેઆમ થઈ રહી છે. લીલાં વૃક્ષોનું લાકડું ભરીને દોડતાં વાહનો તંત્રના ધ્યાને આવતાં ન હોવાથી આડેધડ વૃક્ષોનું નિકંદન નિકળી રહ્યું છે તેમાંય દુર્લભ ગણાતા વૃક્ષો તો હવે આંગળીના વેઢે ગણી શકાય તેટલાં બચ્યાં છે. જિલ્લામાં અગાઉ ઠેકઠેકાણે ઔષધિય ગુણધર્મ ધરાવતા ગુગળ, રાયણ, મહુડા, ધાવનાં વૃક્ષો જોવા મળતાં હતાં પરંતુ યોગ્ય જાળવણીના અભાવે લુપ્ત થવાની કગાર ઉપર છે. દર વર્ષે ચોમાસા દરમ્યાન લાખો રૂપિયાનું આંધણ કરી વૃક્ષોના રોપાનું વાવેતર કરવામાં આવતું હોય છે. પરંતુ ત્યાર પછી કોઈ જ દરકાર લેવાની ન હોવાથી રોપા પૂર્ણ વૃક્ષ બને તે અગાઉ જ બાળ મરણ થઈ જતું હોય છે. વૃક્ષોનું આદિકાળથી આગવું મહત્વ રહેલું છે અને લગ્ન સહિતના પ્રસંગોમાં માણેક સ્તંભ તરીકે ગુગળના વૃક્ષનું લાકડું સપ્તપદીના ફેરા સ્થળે રોપવામાં આવતું હોય છે પરંતુ હવે ગુગળનાં વૃક્ષો નામશેષ થવાની અણી ઉપર છે તે જ રીતે રાયણ, ધાવના વૃક્ષો ગાયબ થઈ રહ્યાં છે. જ્યારે આદિવાસી પ્રજા માટે કમાઉ દિકરા સમાન મહુડાનાં



વૃક્ષો કાપવા ઉપર પાબંધી છતાં આશ્ચર્ય વચ્ચે ગામડામાંથી મહુડાનાં વૃક્ષો નામશેષ થવા લાગ્યાં છે.

# બાયડ પાલિકામાં ભાજપના તેજાબી પ્રચાર સામે કોંગ્રેસ વામણી

બાયડ, (બ્યુરો ઓફિસ) તા.૨૪

બાયડ પાલિકાના ચૂંટણી જંગમાં ભાજપના તેજાબી પ્રચાર સામે કોંગ્રેસ તમામ રણનીતિમાં માર ખાધાનું ચિત્ર ઉપસી રહ્યું છે. કોંગ્રેસે અંદરખાને હાર સ્વીકાર્યાની ગરમાગરમ લોકચર્ચા છે. આગામી બે દિવસ દરમ્યાન ભાજપે ચૂંટણી પ્રચાર અભિયાનને વધુ તેજ બનાવી બાયડ પાલિકાની તમામ બેઠકો કબજે કરવાનો સંકલ્પ લીધાનું ભાજપના સંગઠન સૂત્રોએ જણાવ્યું છે.

સમય ક્યારે બદલાય તે કહેવું મુશ્કેલ છે. એક સમય એવો હતો કે બાયડની પ્રજાને તુચ્છ ગણતા સત્તાધિશોને આજે તેમના ઘેર..ઘેર ફરીને મત માગવાનો વારો આવ્યો છે તેમને મળવું હોય તો ઘરની બહાર એક-દોઢ કલાક સુધી બેસી રહેવું પડે, કોઈ પાણીનો ભાવ પણ ન પૂછે અને પાલિકાના કેટલાક કર્મચારીઓ સાથે તો એટલું ખરાબ વર્તન થતું કે ધન્ય છે પાલિકાના આવા સંયમી કર્મચારીઓને કે તે બધું મોંઘા મોંઢે ૫ વર્ષ સુધી સહન કર્યું. પ્રજાથી માંડી પાલિકાના કર્મીઓ પણ તત્કાલિન સત્તાધિશોથી એટલી હદે ત્રાસી ગયા હતા કે હવે કોઈ ભેદી શક્તિ અમારી તારણહાર બને અને બન્યું પણ એવું. ભાજપ હાઈકમાન્ડે બાયડ પાલિકા વિસ્તારમાં નવા ચહેરાઓને મેદાનમાં ઉતારી પોતાનો સંકલ્પ સિદ્ધ કરી દીધો. આખરે ઠેકાણું ન પડતાં કેટલાકે મને ક મને કોંગ્રેસનો સાથ પકડ્યો અને પરિણામ એ આવ્યું કે બસ સ્ટેશન થી બાયડ ગામ, ધડુશીયા મઠ થી અદાના છાપરા, સુંદરપુરા થી અરજણવાવ જ્યાં જાવ ત્યાં કોંગ્રેસને ઝાકારો જ ઝાકારો મળે છે. ટોળાં ભેગાં કરવા માટે ખાવાના અને પીવાના વાયદા કરવાની નોબત આવી છે. બાયડ પાલિકામાં છેલ્લા ૨ દિવસથી ભાજપના તેજાબી પ્રચારમાં કોંગ્રેસનો પંજો ક્યાંય દેખાતો જ નથી.

**આ વખતે બાયડના મતદારોનો મિજાજ કંઈક ઔર છે : બુઝર્ગ મતદારો**

બાયડ : બાયડ પાલિકાના બુઝર્ગ મતદારોએ જણાવ્યું કે અમે વર્ષોથી બાયડમાં રહીએ છીએ પરંતુ આ વખતે બાયડ પાલિકાના મતદારોનો મિજાજ કંઈક ઔર લાગે છે. વર્ષોથી ચીટકી રહેલાઓએ પોતાના દિકરા જેવા યુવાનોના હાથમાં શાસનની ધુરા સોંપવાના બદલે ૭૦ વર્ષ ઉપર વટાવ્યા છતાં સત્તાનો નશો છૂટતો નથી તે અમને અને બાયડની પ્રજાને પણ ગમ્યું નથી. તા.૨ માર્ચે બાયડ પાલિકાનું પરિણામ જાહેર થશે ત્યારે યુવાઓના હાથમાં સત્તા હશે તેવું અમને લાગે છે તેમજ પ્રા.શિક્ષકોને જે રીતે કોંગ્રેસ દ્વારા પજવણી કરવામાં આવી તેવી વાતો અમે સોશ્યલ મીડીયા દ્વારા સાંભળી છે તેનો પણ ગંભીર પડઘો મતદાનમાં જોવા મળી શકે છે.